બહુવિધ વિકલાંગતા/ઓટીઝમ માનસિક ક્ષતિ ધરાવતી
બહેનો/બાળાઓ માટે ૧ નવી સંસ્થા શરૂ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૦૭/ન.બા.૪/છ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૮-૩-૨૦૦૭

વંચાણે લીધો :-નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરનો
તા.૧૨/૧/૨૦૦૭નો પત્ર ક્રમાંકઃ-યજન/નવી બાબત/૦૬-૦૭/

**આમુખ :-**

સમાજમાં વિકલાંગ વ્યકિતઓની સંપૂર્ણ ભાગીદારી અને સમાનતાના ઉદ્દેશથી રાજયમાં વિકલાંગ ( સમાન તક, અધિકાર, સંરક્ષણ અને સંપૂર્ણ ભાગીદારી) અધિનિયમ-૧૯૯૫ અમલમાં છે. વિકલાંગોને સમાનતકો અને અધિકારો અપાવવા માટે સરકારી અને સ્વૈચ્છિક બંને ક્ષેત્રો ધ્વારા સંપૂર્ણ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહયા છે.

માનસિક ક્ષતિવાળી બહેનો/બાળાઓને યોગ્ય સમજ વગર કુટુંબ સંભાળવું ઘણું કઠણ છે. ઘણીવાર આવી બાળાઓ/બહેનો જાહેર સ્થળોએ નજરે પડે છે. સમાજના અનિષ્ટ તત્વો તેમની માનસિક સ્થિતિનો ગેરફાયદો ઉઠાવી તેમની સાથે અનૈતિક વ્યવહાર કરી મુશ્કેલીમાં ન મૂકે તે સારૂ સ્વૈચ્છિક ધોરણે બહેનો/બાળાઓ માટે એક નિવાસી સંસ્થા શરૂ કરવા માટે સન.૨૦૦૭-૦૮ના અંદાજપત્રમાં રૂા.૮.૨૨ લાખની નવી બાબત તરીકે આયોજન હેઠળ જોગવાઇ કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

૫૦ બહુવિધ વિકલાંગતા/ઓટીઝમ બહેનો/બાળાઓની સંખ્યા માટેની એક સ્વૈચ્છિક નિવાસી સંસ્થા શરૂ કરવા માટે નીચે મુજબનો સ્ટાફ મંજૂર કરી આ નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

//૨//

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી સંખ્યા |
|---|---|---|
| ૧ | ગૃહ માતા | ૧ |
| ૨ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | ૧ |
| ૩ | નર્સ | ૧ |
| ૪ | મદદનીશ શિક્ષક | ૭ |
| ૫. | આયા | ૫ |
| ૬. | એટેન્ડન્ટ | ૨ |
| ૭. | ચોકીદાર | ૧ |
| ૮. | રસોયા | ૧ |
| ૯. | સ્વીપર | ૧ |
| ૧૦. | મુલાકાતી તબીબી અધિકારી | ૧ |
| | કુલ | ૨૧ |

ઉક્ત ૨૧ જગાઓ નીચેની શરતોને આધિન ભરવાની રહેશે.

૧. ઉપરોક્ત જગાઓ પૈકી નીચે પત્રકમાં દર્શાવેલ ૯ જગાઓ નાણાં વિભાગના તા.૧૬-૨-૦૬ના તથા તા.૧-૮-૦૬ના ઠરાવની જોગવાઇઓને ધ્યાને લઇ ફીક્સ પગારથી ભરવાની રહેશે. તથા આ મંજુરી અન્વયે સરકારશ્રીની સેવાંમાં સીધી ભરતીથી આવનાર નીચેના ૯ કર્મચારીઓને નાણાં વિભાગના તા.૧૮-૩-૦૫ના ઠરાવ ક્રમાંકઃ-૧૫૦-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી તથા તા.૨૯-૭-૦૬ના ઠરાવ ક્રમાંકઃ-૧૫૦૧-૨૦૦૬-જીઓઆઇ-૧૦(પા.ફા.)-પી. અન્વયે તા.૧-૪-૦૫થી લાગુ પડેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

| ક્રમ | જગાનું નામ | સંખ્યા | ફીક્સ પગાર (રૂા.) |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | ગૃહમાતા | ૧ | ૩૫૦૦/- |
| ૨. | નર્સ | ૧ | ૨૫૦૦/- |
| ૩. | મદદનીશ શિક્ષક | ૭ | ૩૫૦૦/- |

૨/-    નીચેની વર્ગ-૪ની જગાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૧૧-૦૬ના ઠરાવ ક્રમાંકઃ-મકમ-૨૦૦૪-૨૫૩૯-ખ.૩ અનુસાર આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે.

| ક્રમ | જગાનું નામ | સંખ્યા | ફીકસ પગાર (રૂ.) |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | આયા | ૫ | ૧૫૦૦/- |
| ૨. | એટેન્ડેન્ટ | ૨ | ૧૫૦૦/- |
| ૩. | ચોકીદાર | ૧ | ૧૫૦૦/- |
| ૪. | રસોયા | ૧ | ૧૫૦૦/- |
| ૫. | સ્વીપર | ૧ | ૫૦૦/- |

૩/-    ઓકયુપેશનલ થેરાપીસ્ટની એક જગાની કામગીરી રૂ.૪૫૦૦/-ની મર્યાદામાં આઉટ સોર્સીંગથી તથા વી.એમ.ઓ.ની (મુલાકાતી તબીબી અધિકારી) એક જગાની કામગીરી રૂ.૫૦૦/-ની મર્યાદામાં આઉટ સોર્સીંગથી પાર્ટ ટાઇમના ધોરણે લેવાની રહેશે.

વધુમાં આ જગાઓ નીચે દર્શાવેલ શરતોને આધીન રહીને ભરવાની રહેશે.

(૧)   ફીકસ પગારથી ભરવાની થતી જગાઓ વખતે નાણાં વિભાગના તા.૧૬-૨-૦૬, તા.૧-૮-૦૬ ના સરખા ક્રમાંકના ઠરાવ ક્રમાંકઃ-ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ના ઠરાવોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨)   સીધી બઢતી/ભરતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમો પ્રમાણે સીધી ભરતી/બઢતીના ફાળે આવતી હોવાની શરતે તે રીતે ભરવા મંજુરી આપવામાં આવે છે.

(૩)   આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે.

(૪)   આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો, જોગવાઇઓ અને નિયત પધ્ધતિ અનુસાર કરવાની રહેશે.